આરબીઆઈ/2004/ 82
બીપીડી.પીસીબી પરીપત્ર 36 /13.08.00/2003-04

ફેબ્રુઆરી 27, 2004

દરેક પ્રકારની (અર્બન) સહકારી બેન્કોના
ચીફ એકિઝકયુટીવ ઓફિસર્સ

સાહેબશ્રી,

<u>રિલિફ બોન્ડની સિકયુરીટી સામે એડવાન્સ મંજૂરી</u>

તા. જૂન 2સ 1993 ના અમારા સકર્યુલર યૂ બી ડી.નં.પી સી બી.82/ડી સી.(13.08.00)/92-93 ને અનુસાર બેન્કોને 10 ટકા રિલિફ બોન્ડસની સિકયુરીટી સામે એડવાન્સ લોન મંજૂર કરવાની સૂચના 1993 ના સકર્યુલરના ફકરા 2 મુજબ આપવામા આવે છે.

2. તમે માહિતગાર છો, ભારત સરકાર સમયાંતરે જુદા, જુદા વ્યાજના દર અને મેચ્યૂરીટી સાથે રિલિફ બોન્ડસ બહાર પાડે છે. હવે આ બોન્ડસ ડિમટીરિયલાઇઝડ ફોર્મમાં પણ ઉપલ્બધ છે, જેમકે બોન્ડ લેજર એકાઉન્ટ, પરિશિષ્ય મુજબ 30 એજન્સી બેન્કોની શાખાઓ દ્વારા અમને આ બોન્ડસની સિકયુરીટી સામે પણ બેન્ક એડવાન્સ આપી શકે કે કેમ તે વિશેની પૂછપરછ થઇ છે. અમે સ્પષ્ટ કરીએ છીએ કે, આ બોન્ડસ અલગ શ્રેણીમાં બહાર પડાયા છે તે પણ લોનની મંજૂરી માટે લાયક ઠરે છે. આ માટેની વિસ્તૃત માહિતી ઉપરોકત સકર્યુલરમાં આપી છે તે મુજબ

i) બેન્કે લોન લેનારનો હેતુ, ક્રેડિટની જરૂરિયાત અને અંતમાં ફંડના ઉપયોગ અંગે સંતોષકારક વિગતો મેળવવાની રહેશે અને સિકયોરિટી પેટે માત્ર રિલિફબોન્ડ અપાય તેના પર આધાર ન રાખવો જોઇએ.
ii) વ્યાજનો દર રિઝર્વ બેન્કના સમયાંતરે બહાર પડતા વ્યાજનાદરના સૂચન મુજબ રહેશે.
iii) મુદત અને યોગ્ય દરે વ્યાજની પુનઃ ચૂકવણીમાં કોઇ ડિફોલ્ટ થાય તો તેવા કિસ્સા માટે ડિફોલ્ટ કરવા પૂરતું માર્જિન રાખી શકાય છે.

3. એવું પણ જોવા મળ્યું છે કે, ઘણી બેન્કોએ આ બોન્ડસ / સર્ટિફિકેટસને હોન અગાઉ પોતાના નામે ટ્રાન્સફર કર્યા ન હોય. તેમણે આ બાબત લોન મંજૂર કર્યાના બે થી ત્રણ વર્ષના ગાળામાં અથવા પુનઃ ચૂકવણી માટેની બોન્ડસની અવધિ સમયે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની પબ્લિક ડેબ્ટ ઓફિસ / એજન્સીની નક્કી શાખાઓમાં જાણ કરવી. કોઇક બેન્કે એવું પણ જણાવ્યું છે કે કેટલાંક બોન્ડ તેમના પાસે જામીન પડેલા હતા. જે તેમના નામે ટ્રાન્સફર થયા નહોતા અને તે ખોવાઇ ગયા છે. અમુક નકલી બોન્ડસ / સર્ટિફિકેટસ પણ અમારા ધ્યાનમાં આવ્યા છે. હાલમાં જ, એક એવી વ્યકિતના પરિચયમાં એમે આવ્યા જેણે પોતાની ઓળખ બોન્ડ ધારકના એજન્ટ તરીકે આપી અને તેની પાસે બોન્ડની કલર ઝેરોક્ષ કોપી હતી જે બોન્ડ ધારકની સહીની ચકાસણી માટે તેણે આપ્યા. આવી ઇરાદાપૂર્વકની કે બિનઇરાદાપૂર્વકની વાતો

છેતરપિંડી નોતરે છે. આથી તાત્કાલિક ધોરણે તમામ તરફથી અલગ, અલગ બેન્કો સામે મંજૂર થયેલી લોન વિશેના બોન્ડની સાચવણી અંગેની અંકુશ વ્યવસ્થા પ્રસ્થાપિત થવી જોઇએ.

4. આ માટે બેન્કને સલાહ આપવામાં આવે છે કે રિલિફ બોન્ડસ / સર્ટિફિકેટસની સામે લોન મંજૂર કરતી વખતે નીચેની બાબતો ચકાસો :

i) ગર્વમેન્ટ સિકયોરિટી, બોન્ડ લેજર એકાઉન્ટ સહિતની સામે ધીરનાર બેન્કે પૂર્વાધિકારીની કોઇ નોંધણી માટે જોગવાઇ નથી. ધીરનાર બેન્કને સરકારી સિકયોરિટી પાસે રહેવું હોય તો તેવીકિસ્સામાંતેના નામે બોન્ડસ ટ્રાન્સફર કરવા. આ બાબતે વધુ સૂચવવામાં આવે છે કે, વધારાન સૂચના અનુસાર બેન્કના નામે ટ્રાન્સફર થયેલા રિલિફ બોન્ડસ જે બેન્ક પાસે હોય તેનો સમયગાળો મર્યાદિત રહેશે.આવી બોન્ડસની સિકયોરિટી સામે ફકત એડવાન્સ મેળવવાના હેતુસર જ રહેશે.

ii) રિલિફ બોન્ડસ સામે કોઇ ત્રીજા પક્ષને લોન મંજૂર કરી શકાશે નહીં.

iii) ભારત સરકારના નોટિફિકેશન અનુસાર, લોન સામેની સિકયોરિટી તરીકે સેવિંગ્ઝ બોન્ડસ લાયક નહીં ગણાય.

યૂસીબી ને સૂચવવામાં આવે છે તેમની બેન્કમાં આવી અનિયમિતતા ન પ્રવર્તે તે માટે જરૂરી સુરક્ષા અને વ્યવસ્થાની ખાતરી આપે.

5. અમારી રિજિયોનલ ઓફિસને પહોંચ મોકલવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

(એસ કરૂપ્પાસ્વામી)
કાર્યકારી મહાપ્રબંધક

બિડાણ : પરિશિષ્ટ – I

## પરિશિષ્ટ ।

ભારત સરકારની રિલિફ સેવિંગ્ઝ બોન્ડસ યોજના

એજન્સી બેન્કોની યાદી

| અનુ. નં. | **એજન્સી બેન્કનું નામ** |
|---|---|
| 1 | બેન્ક ઓફ ઈન્ડિયા |
| 2 | સ્ટેટ બેન્ક ઓફ હૈદરાબાદ |
| 3 | સ્ટેટ બેન્ક ઓફ બિકાનેર અને જયપુર |
| 4 | સ્ટેટ બેન્ક ઓફ મૈસૂર |
| 5 | સ્ટેટ બેન્ક ઓફ પટિયાલા |
| 6 | સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર |
| 7 | સ્ટેટ બેન્ક ઓફ ત્રાવાવીકોર |
| 8 | સ્ટેટ બેન્ક ઓફ ઈન્દોર |
| 9 | અલ્હાબાદ બેન્ક |
| 10 | બેન્ક ઓફ બરોડા |
| 11 | બેન્ક ઓફ ઈન્ડિયા |
| 12 | બેન્ક ઓફ મહારાષ્ટ્ર |
| 13 | કેનારા બેન્ક |
| 14 | સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા |
| 15 | કોર્પોરેશન બેન્ક |
| 16 | દેના બેન્ક |
| 17 | ઈન્ડિયન બેન્ક |
| 18 | ઈન્ડિયન ઓવરસિઝ બેન્ક |
| 19 | ઓરિએન્ટલ બેન્ક ઓફ કોમર્સ |
| 20 | પંજાબ નેશનલ બેન્ક |
| 21 | સિન્ડિકેટ બેન્ક |
| 22 | યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા |
| 23 | યુનાઈટેડ બેન્ક ઓફ ઈન્ડિયા |
| 24 | યુનાઈટેડ કમર્શિયલ બેન્ક |
| 25 | વિજયા બેન્ક |
| 26 | યૂટીઆઈ બેન્ક લી * |
| 27 | આઈસીઆઈસીઆઈ બેન્ક લી.* |
| 28 | આઈડીબીઆઈ બેન્ક લી.* |
| 29 | એચડીએફસી બેન્ક લી.* |
| 30 | એસએચસીઆઈએલ લી.* |

* મુંબઈ કેન્દ્રિય ઓલ ઈન્ડિયા ઓપરેશન્સ